## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*'ફી' - માટે થશે નાટક ને ઓનલાઈન ભણાવશે !*
*કરશે શૂકન નામનું જ બાકી ઊઠાં ભણાવશે !*
*ભણાવશે પાઠ વાલીઓને જૂનાં વેરઝેર માટે -*
*વેતન વાંધે શિક્ષકોને પણ કાયદા ભણાવશે !*
*(સ્કૂલ ટ્રસ્ટીઓનો રમતોત્સવ શરૂ)*

હાઈકુ

*પાડવો ખેલ!*
*મંત્રો ભણાવ્યા વિના -*
*માગે દક્ષિણા -*
*(ફી ની ઉઘરાણી)*

*ખૂલી ઘરાકી*
*નિશાળની દૂકાને -*
*'ભાવ' માં લૂંટ !!*
*(ગરજના ભાવ...)*

### ચિંતન

*શ્રુત્વા ધર્મં વિજાનાતિ, શ્રુત્વાત્યજતિ દુર્મતિમ્ ।*
*શ્રુત્વા જ્ઞાનમવાપ્નોતિ શ્રુત્વા મોક્ષં ચ વિન્દતિ ॥*

**ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**માણસ સાંભળીને ધર્મ જાણી શકે છે. સદુપરદેશ સાંભળીને દુષ્ટબુદ્ધિને ત્યજે છે. સાંભળીને જ્ઞાન મેળવે છે, અને સાંભળીને મોક્ષ પણ મેળવે છે (શ્રવણનો મહિમા છે)**

**અહીં શ્રવણનો મહિમા ગાયો છે સત્સંગ - કથા - વાર્તા દ્વારા ગુરુજનો - સંતો પાસેથી એમના વાચન અને અનુભવોનો નિષ્કર્ષ મળે તે ખૂબ જ મહત્ત્વનો હોય છે માટે સદાય વિદ્વાન - જ્ઞાની - સંતોના સંપર્કમાં રહી 'શ્રવણ'નો લાભ લેવો જોઈએ.**

### સુવિચાર

- ધ્યાન એ પરિણામ છે, પરિણામ કરાય નહીં...
  પરિણામ ઉત્પન્ન થાય, સ્વાભાવિક આવે - **દાદા ભગવાન**
- કામયાબ હોના હૈ તો યે પાંચ ચીજે છોડ દો (૧) દોગ કયા કહેંગે (૨) મુજસે નહીં હોગા (૩) મેરા મૂડ નહીં હૈ (૪) મેરી કિસ્મત ખરાબ હૈ ! (૫) મેરે પાસ ટાઈમ નહીં હૈ! - **જીવન સાધના**
- અજવાળાં તો સૌ કોઈ સંભાળીને રાખે... કોઈ વાર અંધારાને પણ સાંભળી જુઓ - **જીવન પાથેય**
- વાણી બોલો તેનો વાંધો નથી, પણ અમે જ સાચા છીએ એમ એનું રક્ષણ ના હોવું જોઈએ - **જ્ઞાનસૂત્ર**
- જયારે લોકો તમને ફુટબોલ સમજીને કીક મારે છે ત્યારે એ લોકોને ખબર નથી કે એ લોકો જ તમને ગોલ તરફ લઈ જઈ રહ્યા છે - **જિગ્નેશ દાદા**
- વિષમ પરિસ્થિતિમાં સમતા રહે, એનું નામ 'જ્ઞાન' - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : અજમો વાટીને એમાં ડુંગળીનો રસ મેળવીને શરીર પર લગાડવાથી શરદી સળેખમમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સૂફી સંત રૂમી રણમાં ચાલતાં ચાલતા મક્કા જઈ રહ્યા હતા. તેમની સાથે બીજા એક સંત પણ હતા. યાત્રા ખૂબ કષ્ટરુપ બની રહી હતી. સાંજે એક રેન બસેરામાં રોકાયા. રૂમી પાસે એક જ રોટલી બચી હતી. બંને અડધી રોટલી ખાઈને સૂઈ ગયા. મધરાત્રે સાથી સંત જોરથી બૂમ પાડીને બંદગી કરવા લાગ્યા એટલે રૂમી ઊઠી ગયા. તેમને આનંદ થયો કે તેઓ એક સાચા સંત સાથે યાત્રા કરી રહ્યા છે. સવારે ઊઠીને બંને ફરી ચાલતા મક્કા તરફ નીકળ્યા. રાત્રે ફરી એક ઓરડીમાં રાતવાસો કરવાનો આવ્યો. રોટલી તો હતી નહીં. ફક્ત પાણી પીવું પડ્યું. મધરાતે ફરી જોર જોરથી સાથી સંતનો અવાજ સાંભળ્યો. સાથી સંત ભૂખને કારણે બેચન હશે તેવું રૂમીને લાગ્યું પણ પેલા સંતની દુઆમાં ભૂખનો કોઈ ઉલ્લેખ ન આવ્યો. પણ આજે સાથી સંત બંદગીમાં માલિક પાસે માગી રહ્યા હતા કે એક દિવસ તેઓ દેશના રાજા બની જાય. આ વાત સાંભળી સંતરૂમીને આઘાત લાગ્યો. તેમણે સાથી સંતને આ બાબત પૃછા કરી કે, 'લાગે છે કે ગરીબી તમને મફતમાં મળી છે. અને તેથી તમે રાજા બનવાની લ્હાયમાં બંદગી કરી રહ્યા છે. જો તમારામાં થોડું જ્ઞાન હોત તો આ રીતે ભીખ ન માગતા. બંદગીમાં સાચી માગણી કરવા જ્ઞાનની ભીખ માગો. જે તમને રાજા અને રંક જેવી ભેદભાવોથી છૂટકારો અપાવે.' સાથી સંતને રૂમીની વાત સમજાઈ તેમણે સાચી સલાહ આપવા બદલ સંતરૂમીનો આભાર માન્યો.

# ભૂકંપ : કુદરતી કોપનો વધુ એક સંકેત

તંત્રીસ્થાનેથી...

કોરોનાના કાળા ડિબાંગ કેરથી પીડાતી માનવજાતને કુદરતે વધુ એક લપડાક ઝીંકી છે, છેલ્લા થોડા દિવસો દરમિયાન દેશ અને દુનિયાના વિવિધ વિસ્તારોમાં નાના-મોટા ભૂકંપના આંચકા અનુભવાયા છે. કુદરત જાણે માનવીના કામ આમળવાનો પદ્ધતિસરનો પ્રોગ્રામ ઘડી કાઢ્યો છે. ગુજરાતમાં ૨૦૦૧ના પ્રજાસત્તાક દિને આવેકા ભૂકંપમાં પારાવાર જાનહાનિ થઈ હતી. કચ્છ આખેઆખું તહસનહસ થઈ ગયું હતું. અમદાવાદમાં પણ માનસી બિલ્ડિંગ સહિત ઘણી ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી અને ઘણા લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૨૦૦૧ના એ ઐતિહાસિક ભૂકંપને ગુજરાત જ નહીં, સમસ્ત વિશ્વ આજપર્યંત ભૂલી શક્યું નથી. ભચાઉ, ભુજ અને અંજાર જેવાં નગરોમાં બેશુમાર નુકશાન થયું હતું. અનેક ગામો આખેઆખા નેસ્તનાબૂદ થઈ ગયાં હતાં. કચ્છી પ્રજાની પ્રબળ જિજીવિષા અને દુનિયાભરના સક્રિય સહયોગથી ધાર્યા કરતાં ઘણા ઓછા સમયમાં કચ્છ બેઠું થઈ ગયું હતું. કચ્છની મર્દાનગીનો આપણે વારંવાર દાખલો આપતા રહીએ છીએ. કોરોના સંકટ સામે ઝીંક ઝીલતા ભારતીયઓને વડાપ્રધાને 'મન કી બાત'માં કચ્છ એવા ભયંકર હાદસામાંથી હેમખેમ કેવી રીતે ઉગરી ગયું હતું એની રજૂઆત કરીને આફતને અવસરમાં ફેરવવા હાકલ કરી હતી. જાણે એમની હાકલ રિસાયેલી ધરતીમાતાને કાને પડી હોય એમ કચ્છની ધરા ફરી એકવાર ધ્રૂજી ઊઠી છે. ભૂકંપની તીવ્રતા બે દાયકા પહેલાનાં વિનાશકારી ભૂકંપની સરખામણીમાં ઓછી હોઈ આ વખતે જાનમાલનું નુકશાન નહીંવત થયું હોવાના સમાચાર છે. જો કે એના આંચકા ઘણા મોટા વિસ્તારમાં અનુભવાયા છે. મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર અને પાટણ ઉપરાંત એ અમદાવાદ-ગાંધીનગર અને સુરત-વલસાડ પર્યંત ઓછાવત્તા પ્રમાણમાં વિસ્તર્યા છે. પરંતુ ખાસ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે ભૂકંપનું એપીસેન્ટર અગાઉના વિનાશકારી ભૂકંપના એપીસેન્ટર ખેડોઈથી માત્ર પંદર કિલોમીટર દૂર વોંધ ગામમાં નોંધાયું છે. અગાઉના ભૂકંપમાં આધોઈ અને વોંધ જેવં ભચાઉ શહેર નજીકનાં આખેઆખાં ગામ નામશેષ થઈ ગયા હતા.

ભૂકંપનું વૈજ્ઞાનિક કારણ પૃથ્વીના પેટાળમાં સતત ચાલતી રહેતી એનાં વિવિધ પડોની એકમેદ સાથે સેટ થવાની પ્રક્રિયા છે. પૃથ્વીનું પેટાળ અસ્થિર કેમ થઈ જાય છે? ભૂકંપનું એપીસેન્ટર સપાટીથી દસ-બાર કિલોમીટરની ઊંડાઈ પર હોય એનો અર્થ એ જ કે પૃથ્વીની અંદરનો ખળભળાટ શમ્યો નથી. જો કે ભૂકંપ એ કોઈ નવી ઘટના નથી. માનવજાત એની સાથે ચિરપરિચિત છે. સવિશેષ જાપાન જેવા ચોમેર દરિયા વચ્ચે બેટ પર વસેલાં દેશમાં તો આ લગભગ રોજિંદી ઘટના છે. લોકો એથી ટેવાઈ ગયા છે. ભૂકંપ પ્રૂફ ટેકનોલોજીની શોધ નહોતી થઈ ત્યાં સુધી લોકો લાકડાનાં ઘર બનાવીને રહેતા હતા. આપણા હિમાલયની તળેટીમાં વારંવાર ભૂકંપ આવતો રહે છે. કવિઓ એને પૃથ્વીનો ભાર વેઠતા શેષનાગ વચ્ચે વચ્ચે પડખું ફરતા હોવાનું કે માથું ધુણાવતા હોવાનું કલ્પી પ્રજાનો ભય દૂર કરવા મથતા રહ્યા છે. કચ્છ સહિતનો ગુજરાતનો કેટલોક ભાગ ભૂકંપથી સૌથી વધુ શક્યતા ધરાવતા ઝોનમાં આવે છે. આ વખતના ઓછી તીવ્રતાવાળા ભૂકંપ પછી આફ્ટર શોક્સ પણ આવી શકે અને બનવાજોગ કે મોટા ભૂકંપના પૂર્વ સંકેત તરીકે કુદરતે આ સાડા પાંચ રિકટર સ્કેચનો ભૂકંપ મોકલી માનવજાતને ચેતવી હોય. ધરતી પણ ધ્રૂજે નહીં તો બીજું શું કરે ! માનવીએ એને નાગી કરીને ડામ દીધે જ રાખ્યા છે...

# લાંબા ગાળાના પરિવર્તનો આવેશે, તેને સ્વીકારીને જ આગળ વધવું પડશે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'બે-ત્રણ દિવસ ઉપવાસ કર્યા હોય પછી ભોજનમાં તુટી ન પડાય, સુપાચ્ય આહાર અને પ્રવાહીથી આરંભ થાય. લોકડાઉનમાંથી અનલોક-૧ની સ્થિતિમાં પ્રવેશી રહ્યા છીએ ત્યારે સામાજિક આરોગ્ય માટે પણ એ જ નિયમ અપનાવવો પડશે.'

Top FM રેડિયો માટે વિશ્વવિખ્યાત ભાવગતાચાર્ય પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા સાથે Zoom પર સંવાદ થયો ત્યારે તેઓએ આમ કહ્યું હતું.

'અનલોકિંગ ધ ઈનરનેસ' વિષયે એમની સાથે ખાસ્સી વાતો થઈ, પૂજ્ય ભાઈશ્રીએ કહ્યું કે જેમ લાંબા સમયથી બંધ પડેલી ગાડીની પૂરી ચકાસણી પછી ધીમે ધીમે ફર્સ્ટ ગિયરથી ટોપ ગિયર તરફ જવાય એમ જ કરવું પડશે. કામ વગર બહાર ન જવું, માસ્ક પહેરવો, દો ગજ દૂરી રાખવી, બહારથી આવી સ્નાન કરવું, વારંવાર હાથ ધોવા જેવા તમામ નિયમોનું પાલન કરવું જ પડશે આપણે સહુએ'

શ્રીમદ્ ભગવદગીતા આ સંજોગોમાં કેવી રીતે માર્ગદર્શક બને ? એ પ્રશ્નના જવાબમાં પૂજ્ય ભાઈશ્રીએ કહ્યું કે, વિષાદયોગ એટલે દુનિયામાં વધેલો ઉપભોક્તાવાદ છે, વિજ્ઞાન દ્વારા થતા પ્રયોગો વિવેકપૂર્ણ હોવા જોઈએ. આ પ્રયોગો વિકાસલક્ષી હોવા જોઈએ નહીં કે વિનાશલક્ષી.

ઉદ્યોગોનો કચરો યમુના જેવી અનેક નદીઓમાં ઠાલવીને પ્રકૃતિને નુકશાન પહોંચાડાતું છે. કૃષ્ણએ પણ યમુનાને દુષિત જોઈ હતી, યમુનાજી કાલીયા નાગથી દુષિત હતા, પરંતુ કૃષ્ણએ તેને માર્યો નથી, તેને નાથ્યો છે, ઉદ્યોગોને બંધ ન કરાય, નાથવા જોઈએ, કાયદા-કાનૂનના પાલન દ્વારા. એજન્સીઓ કરપ્ટ ન હોય અને કાયદાનું પાલન ચુસ્તીથી કરાવે તો ઉદોગોનો સાચા અર્થમાં નિગ્રહ થાય, ઉદ્યોગો હશે તો વિકાશ હશે, પણ વિવેક પણ જોઈઅશે આમ થશે તો જ આજે વિષાદ લાગે છે તે પ્રસાદમાં પરિવર્તિત થશે.

પ્રકૃતિ કરુણામય છે, કોઈની આવશ્યકતા અધુરી નથી રહેતી, ઈચ્છાઓ પુરી નથી થતી. પ્રકૃતિ મા છે, એનું શોષણ નહિ, પોષણ કરીએ.

શરીરની ઈમ્યુનિટી વધારવાની બહુ દવા છે, મનની ઈમ્યુનિટી પણ વધારવી જ પડશે, એ સંદર્ભે પ્રશ્ન પૂછતા પૂજ્ય ભાઈશ્રીએ કહ્યું કે, મનની ઈમ્યુનીટી વધે તે માટે અધ્યાત્મ છે, સત્સંગ છે, વિધિ અને નિષેધ છે, શું કરવું ને શું ના કરવું એ ધર્મ છે. મનને રોગગ્રસ્ત થતું બચાવવું જ જોઈએ.

ગોસ્વામી તુલસીદાસજીનો સંદર્ભ ટાંકીને તેઓ ઉમેરે છે કે મનમાં કામ-ક્રોધ લોભ દોષ છે, એના વિના ચાલે નહિ પણ એ વિષમ ન થાય એની કાળજી લેવાની છે. એના આવેગમાં ખોટા કર્મો ન થાય તે જરૂરી છે. સામ્યાવસ્થા એ જીવન છે. માનસમાં લખાયું છે. 'કર હી સદા સતસંગ - અને શ્રીમદ્ ભાગવત્ કહે છે સદા સેવ્યા... આમ સત્સંગથી ઈમ્યુનીટી વધે છે. સત્સંગ સાતત્યપૂર્ણ પણ હોવો જોઈએ.'

લોકડાઉન પછી વિશ્વ કહેવું હશે એના વિશે વાત કરતા તેઓએ કહ્યું કે, વિશ્વની ગાડી ફરી થોડા સમય પછી પાટે ચડશે પણ કેટલાક ફેરફારો તો આવશે જ... તેઓએ ઉમેર્યું કે ડૉક્ટરો કહે છે એ મુજબ આ સદીમાં સતત નવા નવા વાઈરસ આવશે ને એની સાથે જ જીવવું પડશે.

લાંબા ગાળાના પરિવર્તનો આવેશે તેને સ્વીકારીને જ આગળ વધવું પડશે.

આવા કાળમાં માણસની અંદરનું શ્રેષ્ઠત્વ બહાર આવે છે એમ કહીએ તેઓએ ગુજરાતમાં ને ભારતમાં વ્યક્તિગતથી લઈને સામૂહિક રીતે થયેલાને થઈ રહેલા સેવાકાર્યોની વાત કરી, સેવા કરનારાને અને કોરોના વોરિયર્સને બિરદાવ્યા.

જેઓ સંપન્ન છે તેઓ તો મદદ કરે પણ મધ્યમ વર્ગનો માણસ પણ પોતાની આસપાસ જરૂરિયાતવાળો માણસ હોય તો તેને સાચવી લે, તેની પડખે ઊભો રહે, મુંઝાતો નહિ, અમે બેઠા છીએ, એમ કહીને મોરલ સપોર્ટ આપે એ પણ જરૂરી છે.

વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે અસ્તિત્વ ટકી રહે એ જ નફો હશે... હર રાત કા સવેરા હોતા હે, સમાધાનનો સૂરજ નીકળશે અને પ્રસન્નતાથી એના ઓવારણા લઈએ અને સૌના મંગળની પ્રાર્થના કરીએ. એ વાક્ય સાથે સંવાદ વિરામ પામ્યો ત્યારે ચિત્તમાં ધર્મ અને અધ્યાત્મના માનવ ધર્મના અજવાળા રેલાયા હતા.

# દફન કરને સે પહલે નબ્જ દેખ લેના સાહબ, ઉમદા કલાકાર થા કહી કિરદાર મેં ના હો...

બસ ! હવે તો જીવી જ લેવું છે.. હા હા તમે બરાબર વાંચ્યું ... હવે તો બસ જીવી જ લેવું છે. કેમ ! અજુગતું લાગ્યું? ના ના કંઈ જ અજુગતું નથી. સામાન્ય રીતે આપણે લોકોને એવું કહેતા સાંભળ્યાં છે કે, હવે તો કંટાળી ગયો છું... ત્રાસી ગયા છીએ...આની કરતા તો મરી જવું સારું.. ભલે ને એક રૂઢિપ્રયોગની જેમ બસ અમસ્તા જ આ વાક્ય બોલતા હોઈએ. વાસ્તવમાં આપણે તેવો અદલ ભાવ ન ધરાવતા હોઈએ. પણ અમસ્તા જ આવું વાક્ય બોલી નાખતા હોઈએ છીએ. છતાં પણ મરવાની વાત શા માટે? હવે અમસ્તા અમસ્તા પણ આમ જ બોલવું જોઈએ કે બસ, હવે બહું થયું, હવે તો જીવી જ લેવું છે.

સુશાંતસિંહના મૃત્યુનું મૂળ રહસ્ય હજી જાણમાં નથી આવ્યું. ૩૪ વર્ષની યુવાન ઉંમર, અઢળક રૂપિયા, અપાર પ્રસિદ્ધિ. તો પછી એવું તો શું દુઃખ હશે કે ડિપ્રેશનનો ઈલાજ ચાલતો હશે. અગાઉ પણ ડિપ્રેશનને કારણે ભાંગી ગયેલા સેલેબ્રેટી વિશે આપણે સાંભળી ચૂક્યાં છીએ. દિપીકા પાદુકોણે તો આવા ડિપ્રેશનો સ્વયં ભોગ બની અને બહાર આવ્યા પછી આ પ્રકારની બીમારીનો સામનો કરી રહેલા લોકો માટે આદર્શ બની. ઠીક છે. માન્યું કે તેણે સારી લડત આપી. પણ આ હાલત સુધી પહોંચવાનું કારણ સુધી કેમ કોઈ જતું નથી.

દિપીકાને ડીપ્રેશનના સમાચાર સાંભળીને આપણા દેશની ગૃહિણી અને મધ્યમવર્ગીય સ્ત્રીઓ વિચારતી હશે કે માળું આ ડિપ્રેશન શું છે? સુશાત ડીપ્રેશનનો શિકાર હતો, તેવું વાંચીને આપણો ભૂરો વિચારતો હશે કે આ વળી કયા ગામની બીમારી છે? કારણકે આ સામાન્ય લાગતાં લોકો પાસે કોઈ અસામાન્ય જણસ હોય તો એ છે કે આ હરફનમૌલા બંદાઓ પાસે હેય..ને મોટો સંયુક્ત પરિવાર હોય છે. હરદમ પાસે રહેતા ચોટકૂડા દોસ્તારું હોય છે. અને પોતાનો મૂળભૂત સ્વભાવ એવો હોય છે કે ગમે તેવી મુસીબત આવી પડે ચાર ભાઈબંધ દોસ્તાર જોડે મન ખોલીને રડી લેવાનું અથવા પરિવારમાં એવી વ્યવસ્થા હોય કે એક વડીલ કડપવાળા હોય તો સામે બીજી તરફ ચાર સંબંધી એવા હોય જે તેને સંભાળવા તૈયાર જ હોય.

એટલે આપણને આ ડિપ્રેશનની ઝાઝી અસર નથી થતી. આપણી સામાજીક જીવનશૈલી જ એવી હતી કે આપણે બધાં વ્હાલાઓથી વીટળાયેલા રહેતા હતા. ક્યારેય કોઈ તલલીફ આવી જાય. મુશ્કેલી સર્જાઈ જાય તો, ઘરમાં જરાક ઠપકો સાંભળવો પડે, પણ બધા ભેગા મળીને ઉકેલ લાવી દે.

મન મૂકીને આપણે હવે વાત શા માટે કરી શકતા નથી? આપણે શું કામ ડરીએ છીએ કે આપણી નબળાઈ કોઈની સમક્ષ ખુલ્લી ન પડી જાય? વાતે વાતે આજના યુવાનોને આ શેનું ફેફરું ચડે છે કે આમ મરવા સુધીનો રસ્તો અપનાવી લેતા ન અચકાય. ખરેખર મિત્રોની એવી સોબત કે તમને હળવા બનાવે, પિતરાઈ ભાઈ બહેનોનો એ સંગાથ કે જેમની સાથે તમે બધી જ વાતો કરી શકતા હોઈએ. પરિવારમાં એકાદ એવા કાકા, મામા, ફોઈ કે કાકી, માસી એવું પાત્ર હોય કે જેને આપણે આપણા માતા-પિતાથી પણ ડરીને કે પછી અચકાઈને આપણી મૂંઝવણ જણાવી શકીએ. અને તેઓ આપણો પક્ષ રજૂ કરીને માતા-પિતા સમક્ષ આપણી વાત લઈ જાય. આજે આવા સંબંધો ક્યા રહ્યા છે? અરે માતા-પિતા સ્વયં જ મિત્ર બનીને સંતાનને હળવો કરી શકે,પરંતુ આજના ફાસ્ટ અને ઉચાટભર્યા યુગમાં આપને સંતાનોને વસ્તુઓની કમી ન પડે તે માટે વ્યસ્ત બનતા ગયા અને સાચી તેમની જે આવશ્યકતાઓ છે,તેને અવગણતા ગયા.

મૂળ વાત એ છે કે સંવાદનું મહત્ત્વ છે. વાતચીત અગત્યની છે. સતત સંવાદિતા સાધો. મનમાં ને મનમાં મુંઝાયા ન કરો. વાતચીતનો એક મોટો ગેપ પડી જાય, એટલે પછી ફરી એ તાર જોડવો મુશ્કેલ જ પડે. જો નજરો સે દૂર વો દિલ સે દૂર. સતત સંવાદ કરો. એક ઊંચાઈ પર પહોચ્યા પછી કે ઉંમરમાં થોડા મોટા થયા પછી એમ થાય કે હવે મારે અમુક સામાન્ય વર્તન તો ન જ કરાય. આમ તો ન જ કરાય અને તેમ તો ન જ કરાય. હા પાકટતા થોડું શાણપણ લાવે તે માન્ય છે, પણ આપણને મુડી કે અંતર્મુખી બનાવી દે તે ખતરનાક છે.

અત્યારે આપણે બધાં ક્યાક ને ક્યાંક મુંઝાયેલા અને અટવાયેલાં છીએ. હંમેશા જ્યારે મિત્રોને મળીએ, સંબંધીઓને મળીએ ત્યારે માત્ર પોતાના ગાણા જ ન ગાયે રાખીએ, સામેવાળાને સાંભળીએ પણ ખરા. બે બોલ માવજતના, કદરના, વહાલના, પ્રેમના, સંવેદનાના હંમેશા બોલતા રહીએ. આજે આ લખાઈ રહ્યું છે તે બપોરે સોશિયલ મીડિયા પર સુશાંતસિંહના સમાચાર આવ્યા અને થોડી જ મિનિટોમાં તો તેના મૃતદેહની તસવીરો પણ વાયરલ થઈ ગઈ (ખૂબ જ સંવેદનહીન. કોઈ એ મૃતદેહના ફોટા કેવી રીતે માત્ર ન્યુઝ આઈટમ બનાવવા માટે વાયરલ કરી શકે? આવી જ સંવેદનહીનતા રીશી કપૂરના અંતિમ સમયના હોસ્પિટલના વીડિયોઝ જોઈને પણ અનુભવી હતી.) ખેર, જેટલી મિનિટોમાં આ તસવીરો વાયરલ થઈ અને તેના વિશે બે શબ્દો કહેવા માટેની કિલપની હારમાળા જોવા મળી રહી છે,ત્યારે વિચાર આવે કે આટલી વાતો તેની સાથે જો જીવીત હતો ત્યારે જો કરી હોત અથવા એકલો ન પડવા દિધો હોત તો પરિણામ કદાચ જુદુ આવ્યું હોત.



વિચારયાત્રા

ડો. જય ઓઝા

ઘણા વ્યક્તિઓ કહેશે કે, સર્જનાત્મકતા, રચનાત્મકતા એકલતા લાવતી હોય છે. એ પછી વર્ષો પહેલા ગુરુદત્તને જોઈ લ્યો. પરંતુ આ કોઈ છટકબારી આત્મહત્યાને ન્યાયીક ઠેરવી શકે નહીં. હમણાં જ સુશાંતસિંહના જરા હટકે ઘરનો વીડિયો જોયો. ટોટલી આઉટ ઓફ ધી બોક્સ તેના ઘરનું ઈન્ટિરિયર છે. તે પહેલા અવકાશયાત્રી બનવા માગતો હતો એટલે એક ભવ્ય ટેલિસ્કોપ તેના ઘરની બાલ્કનીમાં છે, તેના ઘરમાં જેટલા પણ શો-પીસ છે, તે બધા કોઈને કોઈ ડાયનેસ્ટીને રાજવંશને કે પછી સંસ્કૃતિને દર્શાવતાં માસ્ટરપીસ છે. ચીલાચાલુ રાચરચીલું તેના ઘરમાં નહોતું. તેના દરેક ઓરડામાં એક એકથી ચડિયાતા પુસ્તકો જોઈને આપણે તેની સમૃદ્ધ વૈચારિક શક્તિને પીછાણી શકીએ. આવા ઉમદા વ્યક્તિત્વને એવું તો શું થયું? કોઈની વ્યક્તિગત પળોજણો આપણે જાણી શકતા નથી. સુશાંતના અપમૃત્યુ પછી ઢગાલાબંધ સલાહો આપનાર લોકો કહેશે કે આવી પબ્લિકફિગર આ પ્રમાણે સાવ અણસમજભર્યું પગલું ભરે તે સમાજ માટે આજના યુવાનો માટે કેટલું નુકસાનકારક છે,પણ આવી ચર્ચા છેડતા શિખામણ ઓકનારા મહાનુભાવોને જણાવવાનું કે, આ અપમૃત્યુ દ્વારા સુશાંત કોઈ ખોટી છાપ યુવામાનસ પર છોડી ગયો છે તે વિચારવા કરતા આમાથી શીખીએ કે કોઈના સારા મિત્ર કેમ બનવું, તેની મુશ્કેલીઓને કહ્યા વગર કેમ સાંભળવી. ચોક્કસપણે આપઘાત એ કાયરાના પગલું છે, પણ આ ઉમદા કલાકારનો આવો કરુણ અંત ક્યાંક ને ક્યાંક આપણી આજની સ્વાર્થી અને સ્વકેન્દ્રી વિચારશરણી પર પણ મોટો પ્રશ્ન ઊભો કરે છે. આપણે કોઈના અંગત બની શકીએ તેવી યોગ્યતા ખોઈ નાખી છે કે શું? કોઈના હમરાઝ કે હમખયાલ બની ને તેને આવી કોઈ નાજુક પળોમાં સાચવી લેવાની કળા આપણે ગુમાવી ચૂક્યા છીએ.

આજે વિશ્વ સામાજિક,આર્થિક અને સ્વાસ્થ્યને લગતી કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. લાખો લોકો હથે-પગે આવી ગયા છે. આપણી જ બાજુમાં રહેતા પડોશી કહી શકતા નથી, પણ વગર નોકરી વગર ધંધે મનમાં ને મનમાં હીજરાઈ રહ્યા છે. સુશાંત આપણાથી દૂર હતો, તેનું દર્દ આપણે ન જાણી શક્યા પણ આવા કેટલાય સુશાંત આપણી આસપાસ છે, જેના અબોલ દર્દને જાણીને તેનો ઉપચાર કરવો આપણા હાથમાં છે. ખરેખર VOCAL બનીને આપણા સ્નેહીઓને આપણો પ્રેમ, માવજત અને માન દર્શાવવાનો સમય આજ અબઘડીથી જ આવી ગયો છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# હવેનો સમય વાઈ-ફાઈ સાથે મજબૂતીથી જોડાઈ રહેવાનો છે બોસ...

સવારે ચા નાસ્તો કરીને પલાશે જેવું એનું લેપટોપ ઓન કર્યુ કે, તરત એક મલ્ટીનેશનલ કંપનીનું ઈમેઈલ નોટિફિકેશન તેના ધ્યાન પર આવ્યું. એણે ઝડપથી ઈમેઈલ એકાઉન્ટ ઓપન કરીને ઈનબોક્સમાં આવેલા નોટિફિકેશનની ડિટેઈલ વાંચી. એ ખુશ ખુશાલ થઈ ગયો. એના બેડરૂમમાંથી મોટેથી બુમ પાડીને એણે કહ્યું 'મમ્મી મારી જોબ સિક્યોર્ડ થઈ ગઈ.' મલ્ટીનેશનલ કંપનીના ઈમેઈલમાં પલાશને ૨૦ લાખના હેન્ડસમ પેકેજ સાથે જોબ ઓફર કરવામાં આવી હતી. ઈમેઈલમાં જોબ મેળવવા બદલ કંપનીએ એને અભિનંદન પણ પાઠવ્યાં હતા. એકાદ સપ્તાહ પહેલા પલાશે યુએસ બેઈઝ આ મલ્ટીનેશનલ કંપનીમાં જોબ માટે એનો સીવી અને વર્ક એક્સપિરિયન્સની ડિટેઈલ સાથે મેઈલ કર્યો હતો. મલ્ટીનેશનલ કંપનીએ ગુજરાતમાં મહેસાણા જિલ્લાના નાના સરખા ગામમાં રહેતાં પલાશની ક્ષમતાને પીછાણીને જોબ ઓફર કરી હતી. ન તો કંપનીએ પલાશને ક્યારેય જોયો હતો કે પલાશે યુએસમાં આવેલી આ કંપનીની ઓફિસ જોઈ હતી.

આ કોઈ કાલ્પનીક ઘટનાનું આલેખન નથી. ખરેખર બનેલી અને બની રહેલી ઘટનાઓનો વાસ્તવિક ચિતાર છે. કોરોના પેન્ડેમિકના ભીષણ તાંડવનૃત્યએ સમાજ રચનાને હચમચાવી નાખી છે. કોરોનાએ વિશ્વ સમસ્તને નવી દિશામાં વિચારવા માટે મજબૂર કરી દીધુંછે. પરિવર્તન સમાજનો વણલખ્યો સિદ્ધાંત છે. જગતમાં તમામ જીવો અને પ્રકૃતિના પાંચેય તત્ત્વો બદલાવથી બંધાયેલા છે. ભગવાન શ્રીકૃષ્ણએ કુરૂક્ષેત્રના રણ મેદાનમાં ગીતાજ્ઞાન આપતા પાર્થને કહ્યું કે, 'સંસારમાં થઈ રહેલી ઘટનાઓ પૂર્વ નિર્ધારિત છે. તારે તો તેના નિમિત્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવાનું છે.' એનો સીધો અર્થ એટલો સમજી શકાય કે, ભવિષ્યના પેટાળમાં જે છે અને જે બનવા જઈ રહ્યું છે તે સારું જ છે. તેમાં સૌએ નિમિત્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવાનું છે. Coming Shadows forecast the future. આ વાસ્તવિકતા છે. બે વિશ્વયુદ્ધો ખેલાઈ ચૂક્યા છે. કોરોના પેન્ડેમિકના કારણે બે મહાસત્તાઓના અહમનો ટકરાવ ત્રીજા વિશ્વયુદ્ધના ડાકલા વગાડી રહ્યું છે. દુનિયાએ કોરોના પહેલાં સ્વાઈન ફ્લ્યુ, સાર્સ, પ્લેગ જેવા પેન્ડેમિકનો સામનો કરેલો છે. પરંતુ કોરોના પેન્ડેમિકે વૈશ્વિક સમાજ રચનાના પાયા ડગમગાવીને નવી ડગર તલાશવા માટે માનવજાતને મજબૂર કરી દીધી છે. સંસારમાં આના નવતર પરિમાણો પણ ઊભરવા લાગ્યા છે. લોકડાઉનમાં વિશ્વની હજારો લાખો ઓફિસના દરવાજા જડબેસલાક રીતે બંધ રહ્યા.

આ સમયગાળા દરમિયાન નેશનલ મલ્ટીનેશનલ કંપનીઓથી માંડીને નાનામોટા ઉદ્યોગકારોને અહેસાસ થયો કે, એમને ખરેખર મસમોટી ઓફિસોની આવશ્યકતા જ નથી. લાખો રૂપિયાના ભાડા કે પછી કરોડો રૂપિયાની ખરીદેલી ઓફિસ ખરેખર કશા કામની નથી. ઓફિસના બધા જ કર્મચારીઓ તેમના ઘરેથી બખુબી સરસ કામ કરી શકે એમ છે. ગુગલ અને ફેસબુકે ગયા મહિને જાહેર કર્યું કે, એના બધા જ એમ્પ્લોઈ હવે એમનું કામ વર્ષ ૨૦૨૧ સુધી ઘરેથી જ કરશે.

વિશ્વના ઉદ્યોગકારોને ખ્યાલ આવ્યો કે, ઘણી બધી એવી કામગીરી છે કે, ઓફિસ આવ્યા વગર એમના કર્મચારીઓ કોઈપણ સ્થળે બેસીને ઓફિસનું કામ કરી શકે છે. જરૂર છે એમના એમ્પ્લોઈ પાસે ઈન્ટરનેટ કનેકશનની. ઉપલબ્ધ આંકડાઓ ગવાહી આપે છે કે, છેલ્લા છ મહિનામાં ન્યુયોર્ક સિટીમાં કામ કરી રહેલા અનેક લોકો ન્યુયોર્ક છોડીને એમના પરિવાર સાથે ગામડે જઈને સરસ રીતે એમનું ઓફિસ કામ કર્યું છે. ભારતમાં પણ સરકારી કચેરીઓથી માંડીને વિવિધ પ્રાઈવેટ ઓફિસિસના કર્મયોગીઓએ તેમનું કામ છેલ્લા બે મહિનામાં ઘરેથી જ બખુબી નિભાવ્યું છે.

કોરોના મહામારીના સમયમાં પોતાના ઘરેથી કામ કરનારા લોકોને સમજ પડી છે કે, વર્ષેદિવસે શહેરમાં હજારો કે લાખો રૂપિયાના ભાડા ખર્ચીને કે પછી કરોડો રૂપિયા ખર્ચીને લીધેલા એપાર્ટમેન્ટની આવશ્યકતા નથી. વળી ઓફિસે આવવા જવા માટે થકવી નાખતા ભયાનક ટ્રાફિકની સમસ્યા પણ દૂર થઈ ગઈ છે. અવાજ, હવા અને પાણીના પ્રદૂષણની માઠી અસરો ઝેલવામાંથી મુક્તિ મળી ગઈ છે. લોકો કુદરતના ખોળે દરિયા કિનારે, પહાડ ઉપર, ગામમાં, કે રમણીય જંગલોમાંથી એમનું કામ કરવા માટે હવે એક્સાઈટેડ છે. સો વાતની એક વાત લોકો સ્વીકારી રહ્યા છે કે, ગામડામાંથી શહેર ભણીની દોટમાં ૩૬૦ ડિગ્રીએ બદલાવ આવ્યો છે. શહેરમાંથી ગામડા તરફ કુદરતના ખોળે માઈગ્રેશન ચાલુ થઈ ગયું છે. એટલે હવે ન્યૂયોર્ક, નવી દિલ્હી, સીડની, મુંબઈ જેવા મહાનગરો પહેલાં જેવા નહીં રહે. ઓછો ટ્રાફિક પ્રોબ્લેમ અને શહેરોમાં મકાનોના ઊંચા દરની સમસ્યા દૂર થવાનું એમનું સૌથી મોટું આકર્ષણ બન્યુંછે. જેની પાસે અક્કલ, હોંશિયારી અને ક્ષમતા છે એ લોકોએ આગામી સમયમાં ઓફિસના ચક્કરોમાં પડવાનું નહીં રહે. ગુગલે કુશળ અને પ્રતિભાવંત લોકો વિશ્વમાં જ્યાં પણ બેઠા છે ત્યાંથી એમને હાયર કરવાનું શરૂ કરી દીધું છે. ગુગલમાં જોડાતા નવા કર્મચારીઓએ એમના દેશમાંથી જ નહિં બલ્કે એમના ઘરના બેડરૂમમાંથી જ કામ કરવાની શરૂઆત કરી દીધી છે. જો તમે જિનિયસ છો અને ગુજરાતના પંચમહાલ કે દાહોદ જિલ્લાના કોઈ ગામમાં બેઠા છો કે કેનિયા, યુગાન્ડા, આઈસલેન્ડ, ઝીમ્બાબ્વેના કોઈ પરગણામાં છો ગુગલ જેવી કંપનીઓ આવા લોકોને શોધી શોધીને હાયર કરી રહી છે. આવશ્યક્તા રહેશે માત્ર ને માત્ર તમારા કૌશલ્યની. હવે યુએસ વીઝા, ઈમિગ્રેશન, રીલોકેશન કે ઓફિસ જવા-આવવાની આવશ્યક્તા નિર્મૂળ થઈ જશે.

આત્મનાદ

પુલક ત્રિવેદી

pulak63@gmail.com

તાજેતરમાં એક કંપની ઓનરે ગયા અઠવાડિયે તેની કંપનીમાં ૧૨થી ૧૫ લાખના પેકેજમાં ત્રણ કર્મચારીઓ નોકરી ઉપર રાખ્યા. આ કંપનીના માલિકે નવા નિયુક્ત કર્મચારીઓને જોયા સુદ્ધાં ન હતાં, એમને ક્યારેય મળ્યા પણ નહોતા. આખી ભરતી પ્રક્રિયા ક્ષમતા અનુસાર, ઓનલાઈન સીસ્ટમથી જ યોજાઈ. શક્ય છે કે, કદાચ આગામી થોડા સમયમાં કોરોના વાયરસનું નામોનિશાન મટી જશે. પરંતુ આગામી સેંકડો વર્ષો સુધી વૈશ્વિક સમાજરચના અને જોબ સિનારિયો ધરમૂળથી બદલાઈ જશે. સદીઓ સુધી એની પોઝીટીવ ઈફેક્ટ જોવા મળતી રહેશે. કોરોના પેન્ડેમિક રૂપી સાપ જતો રહેશે પણ નવા સિનારિયોના લીસોટા સેંકડો વર્ષો સુધી દેખાતા રહેશે. જોબ ગીવર્સ અને જોબ સિકર્સને એકવાર અહેસાસ થાય કે, ઓફિસ ગયા વગર ઘરે બેઠા કામ લઈ શકાય છે અને કામ આપી શકાય છે. પછી ટ્રાફિક, હાઉસિંગ, ઓફિસ ભાડા, ઈન્વેસ્ટમેન્ટ વગેરેની ઝંઝટ ઝટકામાં દૂર થઈ જશે.

કોરોના ગ્લોબલ ટ્રેઝેડી જરૂર છે પણ નવી સમાજરચનાની ઐતિહાસિક ધરોહર બનનારી મોટી ઘટના તરીકે પણ એને ભવિષ્યમાં લોકો યાદ રાખશે. આપણી જીવનશૈલીમાં આનાથી સમૂળગો બદલાવ આવી જશે. નોકરી, ઓફિસ, વ્યવહાર, કાર્યશૈલી, શહેરો અને આખેઆખા રાષ્ટ્રો બધુ જ નવા રંગરૂપ સાથે નીખરી ઊઠશે. યાદ રાખજો, હવેનો સમય મજબૂત વાઈ-ફાઈથી જોડાઈ રહેવાનો છે બોસ.

**ધબકાર :**
**માણસનુ કૌશલ્ય એનો સૌથી મોટો મિત્ર છે અને મુર્ખતા સૌથી મોટો દુશ્મન.**